# અરવલ્લીમાં ૩૦થી વધુ વિધવા મહિલાઓને ૧ લાખની સરકારી સહાયની લાલચ આપી

## સર્વોદયનાગર અને હિંમતનગરના ૨ લાંબરમૂછિયાઓએ વિધવાઓનો વિશ્વાસ સંપદાન કરી લૂંટ્યા

મોડાસા, તા. ૧૫

અરવલ્લી જીલ્લાના મોડાસા શહેરના સર્વોદયનગર વિસ્તાર અને ગ્રામ્યવિસ્તારમાં સરકારી સહાય યોજનાના નામે અને લોન અપાવવાના નામે કેટલાય અસામાજિક તત્વો લોકો પાસેથી રૂપિયા ખંખેરી લેતા હોય છે. લાલચમાં છેતરપિંડીનો ભોગ બનેલ લોકોને કુલડીમાં મોઢું નાખી રોવાનો અને પસ્તાવાનો વારો આવતો હોય છે. મોડાસા શહેરની સર્વોદયનગર અને નજીકના ગ્રામ્યવિસ્તારની વિધવા મહિલાઓને ૨ યુવાનોએ ૧ લાખ રૂપિયાની વિધવા સહાય આપવાના બહાના હેઠળ ફોર્મ ભરાવી વિશ્વાસ સંપાદન કરી અકસ્માતના વીમા પેટે પહેલા ૨૦ હજાર રોકડા ભરવા પડશે જણાવી ૩૦થી વધુ વિધવા મહિલાઓ પાસેથી લાખ્ખો રૂપિયા ઉઘરાવી ભૂગર્ભ ઉતરી પડતા વિધવા બહેનો આબાદ છેતરાઈ હોવાનો અહેસાસ થતા મોડાસાના ધારાસભ્યને રજુઆત કરી ન્યાય અપાવવાની માંગ કરતા ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોરે તેમને પૂરતી મદદ કરવાની હૈયાધારણા આપી હતી.

મોડાસા શહેરના સ્લમ વિસ્તાર એવા સર્વોદયનગર અને



નજીકના ગ્રામ્ય વિસ્તારની વિધવા મહિલાઓને સર્વોદયનાગરનો થોરી સમાજનો અને હિંમતનગરના થોરી સમાજના એક યુવાને વિધવા મહિલાઓની અજ્ઞાનતા, મજબૂરી જરૂરિયાતનો ફાયદો ઉઠાવી લાલચ આપી સરકારી યોજના અંતર્ગત ૩૦થી વધુ મહિલાઓને એક લાખ રૂપિયા રોકડની સહાય આપવાની લાલચ આપી દરેક વિધવા બહેનો પાસેથી અકસ્માતના વીમા પેટે ૨૦ હજાર દરેક પાસેથી રોકડા ઉઘરાવી લઈ લાખ્ખો રૂપિયાનો ચૂનો લગાવી ભૂગર્ભ ઉતરી જતા મહિલાઓને તેમની સાથે બે લાંબરમૂછિયા યુવાનોએ છેતરપિંડી આચરી હોવાનો અહેસાસ થતા અને લૂંટાતા ગરીબ વિધવા મહિલાઓને પડતા પર પાટુ જેવો ઘાટ સર્જાતા ભારે વિમાસણમાં મુકાતા સમગ્ર ઘટના અંગે ખલીકપુરના પૂર્વ સરપંચ ડાહ્યાભાઈ ખાંટને જાણ થતા વિશ્વસઘાતનો ભોગ બનેલી મહિલાઓ સાથે મોડાસા સર્કિટ હાઉસમાં પહોંચી ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોરને રજુઆત કરી રડમસ ચહેરે જણાવ્યું હતું કે છેલ્લા ૧ વર્ષથી તંત્ર આગળ રજૂઆતો કરીને થાકી ગયા છતાં યોગ્ય ન્યાય નહિ મળતા તમને રજુઆત કરવાની ફરજ પડી છે. મહિલાઓની રજુઆત ધ્યાનથી સાંભળી યોગ્ય ન્યાય અપાવવાની હૈયાધારણા અપાતા મહિલાઓ આશ્વાસન બની હતી હવે જોવું રહ્યું કે ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર તેમને ન્યાય આવવામાં સફળ રહેશે કે પછી વિધવા મહિલાઓ નસીબનો દોષ દેવાનો વારો આવશે..!

## સુરેશ શાહ હત્યા કેસના શાર્પ શૂટરને આખરે પકડી પડાયો

અમદાવાદ,તા.૧૫

અમદાવાદ શહેરના વાસણા લાવણ્ય સોસાયટીમાં વિશ્વેશ્વર મહાદેવના મંદિરમાં થયેલા સુરેશ શાહ હત્યા કેસમાં શાર્પશૂટર આરોપી રવુ કાઠી નામના આરોપીને પકડી પાડવામાં અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાંચે મોટી સફળતા હાસલ કરી લીધી છે. બાતમીના આધારે તેની ધરપકડ કરવામાં આવ્યા બાદ ઉંડી તપાસ હાથ ધરવામાં આવી છે. ૧૦મી માર્ચના દિવસે સવારે ૧૧ વાગ્યાની આસપાસ વાસણા લાવણ્ય સોસાયટીમાં સ્થિત વિશ્વેશ્વર મહાદેવના મંદિરમાં સુરેશભાઈ જયંતિભાઈ શાહ દર્શન કરવા માટે ગયા હતા ત્યારે કેટલાક અજાણ્યા શખ્સોએ તેમના ઉપર અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. સંદર્ભમાં વાસણા પોલીસ સ્ટેશન વિસ્તારમાં જુદી જુદી કલમો હેઠળ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. આ ગંભીર ગુનાનોની નોંધ લઈને કેસનો ભેદ ઉકેલવા તપાસ હાથ ધરવામાં આવી હતી. હત્યા કેસના શાર્પશૂટર આરોપીને પકડી પાડીને આ સંદર્ભમાં ક્રાઈમ બ્રાંચે મોટી સફળતા હાંસલ કરી છે.

# શાળા પ્રવેશોત્સવને પગલે ગાંધીનગરની મોટાભાગની સરકારી કચેરીઓ સુમસાન

ગાંધીનગર, તા.૧૫

રાજયમાં શાળા પ્રવેશોત્સવનો પ્રારંભ થતા ગાંધીનગરની ૭૦ ટકાથી વધારે કચેરીઓ સુમસાન બની ગઈ છે. ગાંધીનગર શહેરની મોટાભાગની સચિવાલયની મોટા ભાગની કચેરીઓ હાલ સૂમસાન બની ગઈ છે. કેટલીક કચેરીઓમાંથી અધિકારીઓની ચેમ્બર લોક થઈ ગઈ છે અને વર્ગ-૪ કક્ષાના સેવાદારો જ જવાબ આપતા નજરે પડે છે કે શાહેબ કચેરીઓમાં અધિકારી અને ઉચ્ચ અધિકારી ન હોવાથી ચેમ્બર ખાલીખમ પડી છે. અધિકારીઓની ગેરહાજરી અને જાહેર શનિ રવિની રજા તથા તહેવારને લઈ કચેરીઓમાં ચહલપહલ ઓછી થઈ ગઈ છે.



રાજયના પાટનગરમાં રાજયકક્ષાની મહ્ત્વની કચેરીઓ આવેલી છે. જેમાં હજારો કર્મચારીઓનો ધમધમાટ દરરોજ રહે છે. મહત્વની કચેરીઓ પાટનગરમાં હોવાથી અન્ય જિલ્લાઓમાંથી અરજદારો મોટી સંખ્યામાં સરકારી કામકાજ અર્થે આવતા હોય છે. પરિણામે સવારે ૧૦ થી સાંજે ૬ સુધી કામકાજના દિવસોમાં ગાંધીનગરની કચેરીઓમાં ભારે ચહલપહલ જોવા મળે છે પરંતુ રાજય સરકારના શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમને પગલે ગાંધીનગરની કચેરીના ઉચ્ચ કક્ષાના અધિકારીઓ આઉટ ઓફ સ્ટેશન રવાના થઈ ગયા છે. પરિણામે શહેરના નવા અને જુના તો શાળા પ્રવેશોત્સવમાં ગયા છે.

જયાંથી આખા રાજયનો વહીવટ ચાલે છે તે સચિવાલયમાં મંત્રીથી લઈ ઉચ્ચ કક્ષાના અધિકારીઓની ચેમ્બર ખાલી પડી છે. પરિણામે અન્ય જિલ્લા તાલુકા કે ગામડામાંથી આવતા અરજદારોને ધક્કા ખાવાની પરિસ્થિતિ સર્જાય છે. શાળા પ્રવેશોત્સવ, ઈદ અને શનિ-રવિની રજાઓ બધુ ભેગુ થતા હજુ પણ મંગળવાર કે બુધવાર સુધી આ કચેરીઓમાં સન્નાટો જ જોવા મળશે.

## રમજાન-ઈદના પર્વ નિમિત્તે મુખ્યમંત્રીની શુભકામના

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ રાજયના મુસ્લિમ સમાજના સૌ નાગરિક ભાઈ-બહેનોને પવિત્ર ઈદ-ઉલ-ફિત્રની હાર્દિક શુભકામના પાઠવી છે. મુખ્યમંત્રીએ રમઝાન ઈદની શુભેચ્છાઓમાં જણાવ્યું છે કે ઈદનો આ તહેવાર સમાજજીવનમાં સમત્વ, બંધુત્વ અને સામાજિક સમરસતા સાથે સદભાવને વધુ મજબુત બનાવશે તથા સૌના જીવનમાં સુખ-સમૃધ્ધિની વૃધ્ધિ કરશે.

## એક્શન પ્લાન... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શાળાઓને નબળા પરિણામ બદલ એકશન પ્લાન મુજબ કામગીરી કરવાની રહેશે. ગાંધીનગર જિલ્લામાં શિક્ષણના મામલે દિવા તળે અંધારુ હોય તેવી સ્થિતિ છે. શહેરમાં બોર્ડ પરિણામમાં નબળુ પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યા વિશેષ છે. જયારે નબળુ પરિણામ ધરાવતી શાળાઓમાં શિક્ષણનુ સ્તર સુધરવા શિક્ષણ તંત્ર દ્વારા છેલ્લા બે વર્ષથી નવતર પ્રયાસો હાથ ધરાયા છે. ગત વર્ષ દરમિયાન જિલ્લામાં ૩૦ ટકાથી ઓછુ પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યા વિશેષ હતી.જયારે આ વર્ષે આ શાળાઓમાં પરિણામ સુધારણાના પ્રયાસોના અંતે સુધાર થયો છે. અલબત્ત નબળુ પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યા ઘટી છે. પરંતુ હવે શિક્ષણતંત્ર દ્વારા નબળા પરિણામ ધરાવતી શાળાઓમાં ૫૦ ટકાથી ઓછી શાળાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. જયારે આ શાળાઓને પરિણામ સુધારવા માટે એકશન પ્લાન તૈયાર કરી જિલ્લા શિક્ષણાધિકારીને સુપ્રત કરવા પણ સુચના આપવામાં આવી છે. જેના અંતે શાળાઓમાં પરિણામ સુધારણાની કામગીરી અન્વયે આખરી આયોજન કરવામાં આવશે. શાળા કક્ષાએથી રજુ થયેલા એકશન પ્લાનમાં ફેરફાર પણ કરવામાં આવશે. અલબત્ત જરૂરી સુધારા વધારા પણ કરવામાં આવશે. ધોરણ -૧૦ અને ૧૨ માં ૫૦ ટકાથી આછુ પરિણામ ધરાવતી શાળાઓના પરિણામ સુધારવા માટે ટુંકમાં જિલ્લા શિક્ષણ તંત્ર અને શાળાના આચાર્યો સાથે બેઠક યોજવામાં આવશે. જેના અંતે શાળાના આચાર્યોને પણ શાળા સમય સિવાયના પરિણામ સુધારણા માટે યોગ્ય પગલા લેવા જરૂરી સુચના પણ આપવામાં આવશે.



## અરવલ્લી જિલ્લાના આરોગ્ય કર્મચારીઓએ બેઝિક ગ્રેડ પે વધારવાની માગણી સાથે કલેક્ટર, ડીડીઓને આવેદનપત્ર

રાજ્યના આરોગ્ય વિભાગમાં કામ કરતા મલ્ટીપર્પજ હેલ્થવર્કરોને મળતો ગ્રેડ પે અન્ય રાજ્યોની સરખામણીમાં ઓછો હોવાથી અરવલ્લી જિલ્લાના તમામ મ.પ.હે.વ ભાઈઓએ ગ્રેડ પે નાં વધારા સંદર્ભે અરવલ્લી જિલ્લા કલેક્ટર, ડીડીઓ, સીડીએચઓ સમક્ષ રજૂઆત કરી આવેદનપત્ર આપ્યુ હતું. તેમની માગણી છે કે ગુજરાતમાં આ કેડરના કર્મચારીઓને ૧૯૦૦ ગ્રેડ અપાય છે. જયારે અન્ય રાજ્યોમાં આ કેડરના કર્મચારીઓને ૨૪૦૦ ગ્રેડ અપાય છે. આજ પ્રકારની સમાન લાયકાત ધરાવતા પશુધન નિરીક્ષક, વિદ્યાસહાયકોને ૨૪૦૦ ગ્રેડ પે મળતો હોવાથી આરોગ્ય કર્મચારીઓને પણ ૨૪૦૦ ગ્રેડ પે મળે એ માગણી સાથે અરવલ્લી જિલ્લાના આરોગ્ય કર્મચારીઓએ કલેક્ટર, ડીડીઓ, સીડીએચઓને આવેદનપત્ર આપ્યા હતા. જેમાં અરવલ્લી જિલ્લાના કર્મચારીઓ જોડાયા હતા.

# ડીસા પાલિકામાં નવા પ્રમુખ ઉપપ્રમુખે પદભાર સંભાળ્યો

ડીસા, તા. ૧૫

ભાજપ શાસિત ડીસા નગર પાલિકાની પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણી તાજેતરમાં જ સંપન્ન થઈ હતી જેમાં પ્રમુખ પદે શિલ્પાબેન માળી અને ઉપપ્રમુખ પદે કાંતિલાલ સોનીની વરણી કરાઈ હતી.ત્યારે પાલિકાના નવા પ્રમુખ શિલ્પાબેન માળી અને ઉપપ્રમુખ કાંતિલાલ સોનીએ ડીસાના ધારાસભ્ય શશિકાંતભાઈ પંડ્યાની ઉપસ્થિતિમાં વિધિવત રીતે ચાર્જ સંભાળ્યો હતો.આ પ્રસંગે પાલનપુર નગર પાલિકાના પૂર્વ પ્રમુખ નિલમબેન જાની, પાલનપુર પાલિકાના નવનિયુક્ત પ્રમુખ અશોકભાઈ ઠાકોર તથા ઉપપ્રમુખ હેતલબેન રાવલ સહિત ડીસા નગરપાલિકાના સદસ્યો, નગરજનો, પ્રબુધ્ધ નાગરિકો તેમજ નામી અનામી



હોદ્દેદારોએ ઉપસ્થિત રહી નવા સૂકાનીઓને અભિનંદન સહ શુભકામનાઓ પાઠવી હતી.

પ્રમુખ તરીકે ચાર્જ સંભાળતા શિલ્પાબેન માળીએ ડીસાની પ્રાથમિક સુવિધા, લાઈટ, પાણી, ગટર તેમજ અન્ય વિકાસને અનુરૂપ જરૂરિયાતો પૂર્ણ કરવાની બાંયધરી આપી હતી .જ્યારે ઉપપ્રમુખ કાંતિલાલ સોનીએ પણ ડીસા નગરને વિકાસને પંથે આગળ લઈ જઈ અમૃતમ સીટી બનાવવાની આશા વ્યક્ત હતી. ડીસાના ધારાસભ્ય શશિકાંતભાઈ પંડ્યાએ પણ નવનિયુક્ત ભાજપના પ્રમુખ-ઉપપ્રમુખને અભિનંદન પાઠવી તેઓ નગરની વિકાસ ગાથાને આગળ ધપાવશે તેવી આશા વ્યક્ત કરી ડીસાના હાઈવે પર ઓવર બ્રિજ બાંધવાની માંગ કેન્દ્ર સરકારે સંતોષી દેતાં તે અંગે ખુશી વ્યક્ત કરી હતી. સરકાર દ્વારા મળેલ ૧૧ કરોડની ગ્રાન્ટનો વિકાસના કામોમાં સદઉપયોગ કરવા પણ પ્રમુખ - ઉપપ્રમુખને સલાહ આપી હતી.

## કંપની સમાચાર

### બજાજ ફાઈનાન્સ લિમિટેડે ફિક્સ્ડ ડિપોઝિટનો વ્યાજ દર ૮.૭૫ ટકા સુધી વધાર્યો

બજાજ ફિનસર્વની ધિરાણ અને રોકાણ શાખા બજાજ ફાઈનાન્સ લિમિટેડે તેના ફિક્સ્ડ ડિપોઝિટના વ્યાજદરમાં સુધારો કરી વરિષ્ઠ નાગરિકો માટે ૮.૭૫ ટકા અને વર્તમાન લોન અને એફડી ગ્રાહકો માટે ૮.૬૫ ટકા જાહેર કર્યા છે. કંપની આ વ્યાજદર સંચિત વિકલ્પ અને બિન-સંચિત વિકલ્પ હેઠળ વાર્ષિક આધાર પર ઓફર કરે છે. અગાઉના ૮.૧૦ ટકાને બદલે હવે ફિક્સ્ડ ડિપોઝિટના નવા ગ્રાહકોને ૮.૪૦ ટકાનો લાભ મળશે. બજાજ ફાઈનાન્સ ફિક્સ્ડ ડિપોઝિટને સીઆરઆઈએસઆઈએલ (ક્રિસિલ) દ્વારા 'એફએએસે (સ્ટેબલ)' અને આઈસીઆરએ તરફથી 'એમએએએ (સ્ટેબલ)' માન્યતા પ્રાપ્ત થઈ છે. આ ચૂકવણી અને અસ્કયામતો પર મુદલની સલામતીની ઉચ્ચ કક્ષાનું પ્રમાણ સૂચવે છે.

૨૦૧૪માં બજાજ ફાઈનાન્સ ફિક્સ્ડ ડિપોઝિટ બિઝનેસ અંદાજે ૨૦૦ કરોડ રૂપિયાની બુક સાઈઝ સાથે શરૂ થયો હતો, જે ૨૦૧૮ની ૩૧મી માર્ચ સુધી વધીને ૭,૫૬૯ કરોડ રૂપિયા સુધી પહોંચ્યો છે. આ આંકડો છૂટક રોકાણકાર કમ્યુનિટિ અને ફાઈનાન્સિયલ એડવાઈઝર્સ તરફથી મળેલા અદ્ભુત આવકારનો પુરાવો છે. બજાજ ફાઈનાન્સ લિમિટેડે ૧,૦૦,૦૦૦ રૂપિયાથી શરૂ કરીને ૧૫ મહિનાની મુદતની ડિપોઝિટની એક ખાસ યોજના શરૂ કરી છે. જેમાં નવા ગ્રાહકોને ૭.૮૫ ટકા વ્યાજદર અને વરિષ્ઠ નાગરિકોને ૭.૮૫ ટકા વ્યાજદરનો લાભ મળશે.

## હુમલાનો ખતરો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કેન્દ્ર પાસેથી ૨૨૦૦૦ વધુ જવાનોની માંગ કરી ચુકી છે. રમઝાન બાદ ઓપરેશનને લઈને હજુ સુધી કોઈ નિર્ણય કરાયો નથી. ગૃહમંત્રાલયના સુત્રોનું કહેવું છે કે, અમરનાથ યાત્રા દરમિયાન શ્રદ્ધાળુઓને કોઈપણ પ્રકારની તકલીફ ન પડે તે માટે પગલા લેવાઈ રહ્યા છે. એવા અહેવાલ મળ્યા છે કે, અમરનાથ યાત્રા દરમિયાન દહેશત ફેલાવવાના હેતુથી ત્રાસવાદીઓ શ્રદ્ધાળુઓ અને સુરક્ષા દળો ઉપર બોંબથી હુમલા કરી શકે છે. મિટિંગ દરમિયાન રમઝાનના ગાળા દરમિયાન થયેલા હુમલાની સમીક્ષા કરવામાં આવી હતી. ઓપરેશન ફરીથી શરૂ કરવાને લઈને સરકાર પર સંઘ અને ભાજપનું દબાણ છે. સેના ફરીથી આક્રમક કાર્યવાહી શરૂ કરે તેમ તમામ લોકો માની રહ્યા છે. પાકિસ્તાન સાથે જોડાયેલી સરહદ ઉપર ત્રાસવાદી ગતિવિધિઓને લઈને ફીડબેક મેળવવાના પ્રયાસ થઈ રહ્યા છે. એવા ઈન્ટેલિજન્સ હેવાલ મળ્યા છે કે આતંકવાદી સંગઠન જૈશે મોહમ્મદ હાલના દિવસેમાં પાંચ મોટા હુમલાને અંજામ આપવાની તૈયારીમાં છે. ગયા સોમવારના દિવસે પણ કુપવારામાં ઘુસણખોરીનો એક પ્રયાસ કરવામાં આવ્યો હતો. રવિવારના દિવસે છ આતંકવાદીઓ ઠાર થયા હતા. રમઝાનના યુદ્ધવિરામના ગાળા દરમિયાન છેલ્લા ૨૦ દિવસમાં ત્રણ ડઝનથી વધુ લોકોને મોતને ઘાટ ઉતારી દીધા છે. શ્રીનગરમાં જુદી જુદી જગ્યાઓએ ૧૮ ગ્રેનેડો ઝીંકવામાં આવ્યા છે જેમાં ૨૪થી વધુ લોકોના મોત થયા છે. આ વર્ષે જાન્યુઆરીથી હજુ સુધી ૧૪૩ લોકોના મોત થયા છે. જેમાં ૩૭ નાગરિકોનો સમાવેશ થાય છે. ૩૩ સુરક્ષા જવાનો પણ શહીદ થયા છે. ૧૪૩ પૈકી ત્રણ ડઝન લોકોના મોત રમઝાન દરમિયાન થયા છે.બીજા બાજુ સરહદ પર પાકિસ્તાને નાપાક હરકત કરીને ગોળીબાર જારી રાખ્યો છે. ગોળીબાર હેઠળ ત્રાસવાદીઓને ઘુસાડી દેવાના પ્રયાસ થઈ રહ્યા છે. જમ્મુ કાશ્મીરમાં ગયા મંગળવારના દિવસે સવારે સુરક્ષા દળોને ટાર્ગેટ બનાવીને ત્રાસવાદીઓ દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલામાં બે પોલીસ જવાન શહીદ થયા હતા. અને સીઆરપીએફના ૧૦ જવાન ઘાયલ થયા હતા. પુલવામાં અને અનંતનાગમાં હુમલા કરવામાં આવ્યા હતા.

## ગંભીર સંકેતો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવ્યો હતો ત્યારે પ્રમુખની ગાડી ટીડીઓ વાપરે છે અને ભાડાની ગાડીનો ખર્ચ કરવાની જરૂર નથી તેવી કોંગીના સભ્યોની લાગણી હતી.

આ વખતે ચર્ચા ઉગ્ર બને તે પૂર્વે જ તંત્રના અધિકારીઓએ દરમ્યાનગીરી કરી એવી સ્પષ્ટતા કરી હતી કે ડ્રાયવરની મંજૂર જગ્યા છે નહિ અને આરોગ્ય સહિતના વિભાગોમાં ભાડાની ગાડીઓ માટે સરકારે જે પરિપત્ર કર્યો છે તે મુજબ ભાડે ગાડી રાખવા માટેની દરખાસ્ત સરકારમાં મોકલીશુ અને તે પછી મંજૂરી મળેથી જ કાર્યવાહી હાથ ધરીશુ તેવી હૈયાધારણ આપી હતી.

આ પછી કોંગી સભ્યોએ પણ શોભનાબેન વાઘેલાના પતિ સામે ઈશારો કરી કહ્યુ હતુ કે સરકાર તમારી જ છે અને સત્તા તમારી પાસે છે એક કલાકમાં મંજૂરી મળી જશે. શું કામ ઉતાવળા થાવ છો ? જો કે પ્રમુખની સત્તાઓ સામાન્ય સભા હસ્તક લેવાની વાત આગામી દિવસોમાં રાજકીય ટકરાવના સંકેતો આપે છે.

સામાન્ય સભા બાદ ભાજપના અગ્રણી આઈ.બી. વાઘેલાએ જણાવ્યુ હતુ કે અમે ખરીદ રૂટોપની રાજનીતિમાં માનતા નથી અને આગામી દિવસોમાં પણ કારોબારી અને સમાજકલ્યાણ સમિતિ ભાજપની બનશે એ તમે જોશો ? તેમની બહુમતિ પછી પણ અમે સત્તા હાંસલ કરી જ હતી ને ? બસ સમયની રાહ જુઓ.

## નિકાસમાં

● અનુસંધાન પહેલાનું ચાલુ

વાણિજ્યમંત્રી સુરેશ પ્રભુએ કહ્યું હતું કે, મે મહિનામાં નિકાસ ૨૮.૧૮ ટકા વધીને ૨૮.૮૬ અબજ ડોલર સુધી પહોંચ્યો છે જ્યારે આયાત ૧૪.૮૫ ટકા વધીને ૪૩.૪૮ અબજ ડોલર થઈ છે. ટ્રેડ ડેફિસિટનો આંકડો મે ૨૦૧૭માં ૧૩.૮૪ અબજ ડોલરથી વધીને ૧૪.૬૨ અબજ ડોલર સુધી પહોંચી ગયો છે. તેલ આયાતનો આંકડો ૪૯.૪૬ ટકા વધીને ૧૧.૫ અબજ ડોલર સુધી પહોંચ્યો છે. આંતરરાષ્ટ્રીય ક્રૂડની કિંમતમાં ઉલ્લેખનીય વધારો થયો છે. બીજી બાજુ કેન્દ્ર સરકારે બિન પામોલિન ખાદ્યતેલ પર આયાત ડ્યુટી ૫-૧૦ ટકા સુધી વધારી દીધી છે. ક્રૂડ અને રિફાઈન્ડ બંનેના મામલામાં ફેરફાર કરવામાં આવ્યા છે. માર્ચ મહિનામાં સરકારે ક્રૂડ પામોલિન પર આયાત ડ્યુટી ૩૦ ટકાથી વધારીને ૪૪ ટકા કરવામાં આવી હતી જ્યારે રિફાઈન્ડ પામોલિન પર આયાત ડ્યુટી ૪૦ ટકાથી વધારીને ૫૪ ટકા કરવામાં આવી હતી. નોન પામોલિન ક્રૂડ અને રિફાઈન્ડ ખાદ્ય તેલ ઉપર કસ્ટમ ડ્યુટી યથાવત રાખવામાં આવી છે. કારણ કે, ઈન્ડસ્ટ્રી બોડી એસઈએ દ્વારા આ અંગેની માંગ કરવામાં આવી હતી. નવેસરના જાહેરનામામાં સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈનડાયરેક્ટ ટેક્સ એન્ડ કસ્ટમ દ્વારા ક્રૂડ સોયાબીન તેલ ઉપર આયાત ડ્યુટી૩૦ ટકાથી વધારીને ૩૫ ટકા કરવામાં આવી છે. રિફાઈન્ડ સોયાબીન તેલ ઉપર ઈમ્પોર્ટ ડ્યુટી ૩૫ ટકાથી વધારીને ૪૫ ટકા કરવામાં આવી છે. સનફ્લાવરના કેસમાં પણ ક્રૂડ વેરાઈટી પર આયાત ડ્યુટી ૨૫ ટકાથી વધારીને ૩૫ ટકા અને રિફાઈન્ડ વેરાઈટી પર ૩૫ ટકાથી વધારીને ૪૫ ટકા કરાઈ છે.

## કબ્જો કર્યો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ પછી ભાજપની દરખાસ્તની તરફેણમાં ૧૭ મત પડ્યા હતા. જેથી કોંગ્રેસની દરખાસ્તનો સ્વીકાર કરવામાં આવ્યો હોવાની જાહેરાત તાલુકા વિકાસ અધિકારીએ કરી હતી.

આ પછી સમાજકલ્યાણ સમિતિ માટે કોંગ્રેસે દરખાસ્ત કરી હતી. જેમાં પ્રકાશભાઈ વાણિયા, સરસ્વતીબેન ભીલ, ચીનભાઈ સોલંકી, મનોજભાઈ અમીન અને મેનાબેન બાભણિયાના નામ સૂચવ્યા હતા. આ દરખાસ્તની તરફેણમાં ૧૯ મત પડ્યા હતા.

ભાજપે આ સમિતિની રચનામાં કોંગ્રેસના પ્રકાશભાઈ વાણિયાના સમાવેશ સાથેની દરખાસ્ત રજુ કરી હતી પરંતુ તે દરખાસ્તની તરફેણમાં ૧૭ મત પડ્યા હતા. આમ કોંગ્રેસની બન્ને સમિતિઓની રચના માટેની દરખાસ્તો ૧૯ વિ. ૧૭ મતે સ્વીકારવામાં આવી હતી. જિલ્લામાંથી મહામંત્રી અને કારોબારી સમિતિના ચેરમેન અરવિંદસિંહ સોલંકી હાજર રહ્યા હતા.

## એકતાનો એકડો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રવૃત્તિ કરનારાઓ સામે અનિર્ણાયકતા જેવા મુદ્દાઓ ઉઠ્યા જરૂર હતા પરંતુ મોવડીઓએ સૌને સાથે હળી મળી અન્યાય નહિ થાય તેની ખાતરી આપી એકતાનો સંદેશ આપવામાં સફળ થયા હતા.

આજની આ બેઠકમાં પ્રદેશ મહામંત્રી નિશીત વ્યાસ, પ્રદેશ પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલ, પ્રદેશ અગ્રણી વિરેન્દ્રસિંહ વાઘેલા, પંકજભાઈ પટેલ, ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા, બળદેવજી ઠાકોર, સુરેશભાઈ પટેલ, પૂર્વ ધારાસભ્ય કામીની બા રાઠોડ, પંચાયત પ્રમુખ રામાજી ઠાકોર, ઉપપ્રમુખ ભરતભાઈ પટેલ, વિવિધ સમિતિના ચેરમેનો, સદસ્યો અને આગેવાન જશુભા રાણા સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

૧૮મીને સોમવારે કોંગ્રેસ પક્ષ દ્વારા પ્રમુખપદ - ઉપપ્રમુખપદના દાવેદારોની રજુઆત તેમજ સભ્યોના મન જાણવાની કામગીરી હાથ ધરવામાં આવશે અને ૧૯મીએ આ અંગે પક્ષનો મેન્ડેટ પણ ઉમેદવાર માટે જારી કરવામાં આવશે.

જિલ્લા પંચાયત ઉપરાંત કલોલ માણસા અને દહેગામ તાલુકા પંચાયતની ચૂંટણી પણ ૨૦મીએ જ યોજાવાની છે. આ ચૂંટણીને પગલે જિલ્લામાં રાજકીય નેતાઓની દોડધામ વધી જવા પામી છે.

બેઠકમાં નિરીક્ષક નિરંજનભાઈ પટેલે ખુબજ ઝીણવટપૂર્વક ચૂંટણીની પદ્ધતિ, મતદાનની પ્રક્રિયા સહિતની વિગતો આપી હતી તેમજ સભ્યોને એકત્રિત થઈ પક્ષના ઉમેદવારને જ વિજયી બનાવવા માટેની હાકલ કરી હતી.

આ બેઠકમાં નિશીત વ્યાસ, ડૉ. સી.જે. ચાવડા, બળદેવજી ઠાકોર, હિમાંશુ પટેલ તેમજ પક્ષના પ્રમુખ સૂર્યસિંહ ડાભીએ પ્રાસંગિક ટુંકા ઉદ્દબોધનો કર્યા હતા તેમજ સર્વસંમત ઉમેદવારની જ પસંદગી કરાશે તેવી સૌને ખાતરી આપી હતી.

